
# પ્રશાંત ભૂષણ, યોગેન્દ્ર યાદવની હકાલપટ્ટી

નવી દિલ્હી,તા. ૨૮

નાટ્યાત્મક ઘટનાક્રમના દોર વચ્ચે આજે આખરે પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવ સહિત ચાર નેતાઓની એએપીની રાષ્ટ્રીય કારોબારીમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. હકાલપટ્ટી કરવા અંગેનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવી ચુક્યો હતો અને આજે માત્ર ઔપચારિકતા પરિપૂર્ણ કરવામાં આવી હતી. કાપસહેડામાં યોજાયેલી આમ આદમીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં આ નેતાઓની સાથેસાથે અજીત ઝા અને પ્રોફેસર આનંદ કુમારની પણ હકાલપટ્ટી કરવામાં આવી હતી. ૨૪૭ સભ્યોએ તેમને કાઢી મુકવાની દરખાસ્ત રજૂ કરી હતી જ્યારે આઠ સભ્યોએ વિરોધ કર્યો હતો. ભારે ધાંધલ ધમાલ વચ્ચે શરૂ થયેલી બેઠકમાં સૌથી પહેલા એએપીના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાષણ આપ્યું હતું. કેજરીવાલના ભાષણ બાદ મિટિંગનું નેતૃત્વ ગોપાલ રાયે કર્યું હતું. મનિષ સિસોદિયાએ પ્રશાંત ભૂષણ, યોગેન્દ્ર યાદવ, અજીત ઝા અને પ્રોફેસર આનંદ કુમારને રાષ્ટ્રીય કારોબારીમાંથી બહાર કરી દેવાની દરખાસ્ત રજૂ કરી હતી ત્યારબાદ દરખાસ્ત પસાર કરી દેવામાં આવી હતી અને ચારેય નેતાઓને તમામ પદ પરથી દૂર કરાયા હતા. કેજરીવાલે આશરે ૪૦ મિનિટ સુધી ભાષણ આપ્યું હતું. ત્યારબાદ તેઓ સચિવાલય માટે જતાં રહ્યા હતા. ત્યારબાદ પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવ પણ બેઠકમાંથી બહાર આવી ગયા હતા. બેઠક બાદ એએપીના નેતા આશીષ ખેતાને કહ્યું હતું કે, પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવે ડ્રામાબાજી કરી હતી. કોઈપણ મારામારી કરાઈ નથી. પાર્ટી નેતા આસુતોષે પણ આવી જ વાત કરી હતી. આમ આદમી પાર્ટીએ યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને રદિયો આપ્યો છે. સવારથી જ ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. સવારે મિટિંગ શરૂ થતા પહેલા જ યોગેન્દ્ર યાદવ અને અન્યોને અંદર જવાની મંજુરી આપવામાં આવી નહતી જેથી ધાંધલ ધમાલ શરૂ થઈ હતી. અગાઉ આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીમાં આજે જોરદાર મારામારી થઈ હતી. બેઠકમાં મારામારી અને ઝપાઝપી થઈ હતી. બેઠક દરમિયાન ભારે તોફાનની સ્થિતી સર્જાઈ હતી. બેઠક પહેલા પણ જોરદાર નાટક જોવા મળ્યું હતુ. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ પણ બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. કેજરીવાલે બેઠકમાં એક ભાવનાશીલ સંબોધન કર્યું હતુ. કાપસહેડામાં એએપીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ભાગ લેવા માટે પહોંચેલા યોગેન્દ્ર યાદવની સામે નારેબાજી કરવામાં આવી હતી. તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતુ. બેઠકમાં જોરદાર મારામારી થઈ હતી. યોગેન્દ્ર યાદવે અગાઉ ધરણા કર્યા હતા.

એએપીમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે ખેંચતાણ ચાલી રહી હતી. આજની બેઠક તોફાની બનશે તેને લઈને પહેલાથી જ અપેક્ષા હતી. ગઈકાલે સ્ટીંગમાં કેજરીવાલ ગાળો બોલતા પણ સાંભળવા મળ્યા હતા. દિલ્હીમાં તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં એએપીએ જંગી બહુમતિ સાથે જીત મેળવી હતી. હવે તેની અંદર ચાલી રહેલી લડાઈ ચરમસીમા પર છે.







### લોકશાહીની હત્યા કરાઈ હોવાનો આક્ષેપ

## બેઠકમાં મારામારી કેજરીવાલે પ્રેક્ષક તરીકે નિહાળી : યોગેન્દ્ર

નવીદિલ્હી, તા. ૨૮

આમ આદમી પાર્ટીની નેશનલ કાઉન્સિલની બેઠકમાં જોરદાર ડ્રામાબાજી જોવા મળી હતી. પાર્ટીની કારોબારીમાંથી દૂર કરવામાં આવેલા પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવે આક્ષેપ કર્યો હતો કે, બેઠકના નામ ઉપર નાટક કરવામાં આવ્યું હતું અને આમા મારામારી કરવામાં આવી હતી. યોગેન્દ્ર યાદવે આક્ષેપ કર્યો હતો કે, અરવિંદ કેજરીવાલની સામે એક સભ્ય સાથે બાઉન્સરોએ ખરાબ વર્તન કર્યું હતું પરંતુ તેઓ જોતા રહ્યા હતા. બેઠકમાં મારામારી થતી રહી હતી છતાં કેજરીવાલ મુક પ્રેક્ષક બની રહ્યા હતા. પત્રકારો સાથે વાતચીત કરતા બપોરે યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે, આજે અમારા માટે શરમજનક દિવસ છે. સૌથી પહેલા ઘણા સભ્યોને અંદર જવા દીધા ન હતા. ત્યારબાદ અંદર પહોંચ્યા બાદ કેટલાક એવા લોકો હતો જે સભ્ય નથી. બેઠકમાં સ્વૈચ્છિક લોકો હોય છે પરંતુ તમામ નવા ચહેરા હતા. ૪૦ મિનિટના ભાષણમાં કેજરીવાલે માત્ર આક્ષેપબાજી જ કરી હતી. ત્યારબાદ નાટ્યકીય અંદાજમાં કહ્યું હતું કે, તેઓ તમામ બાબતો છોડીને જઈ રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે, કે તો આ લોકોને રાખી લેવામાં આવે અથવા તો મને રાખવામાં આવે. રમઝાન ચૌધરીએ કહ્યું હતું કે, બંનેની વાત સાંભળવા રજૂઆત કરવામાં આવી હતી પરંતુ એકાએક બાઉન્સરો આવી પહોંચ્યા હતા અને રમઝાનને ઘસડીને લઈ ગયા હતા. યોગેન્દ્ર યાદવને કહ્યું હતું કે, તેઓ આ બધુ જોઈને હેરાન થઈ ગયા હતા અને ભાગીને બહાર ગયા હતા. ચૌધરીને તેઓ અંદર લઈ આવ્યા હતા. કેજરીવાલે ત્યારબાદ એક બેઠકમાં જવું છે તેમ કહીને બહાનાબાજી કરી હતી. યાદવે એમ પણ કહ્યું હતું કે, નવા સમર્થન મામલે કોઈની મંજુરી લેવામાં આવી ન હતી. બીજી બાજુ તમામ આક્ષેપોને આમ આદમી પાર્ટીએ ફગાવી દીધા છે. પત્રકાર પરિષદમાં સંજયસિંહે કહ્યું છે કે, આક્ષેપોમાં કોઈ વાસ્તવિકતા નથી. જો જરૂર પડશે તો પુરાવા રજૂ કરાશે. આ પ્રકારના આક્ષેપો કેમ થઈ રહ્યા છે તે વાત સમજાઈ રહી નથી. રમઝાન ચૌધરી પોતે કેજરીવાલના ભાષણ દરમિયાન બુમાબુમ મચાવવા લાગી ગયા હતા. યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે મોટા ભાગના સભ્યો પહેલા જ મારામારી કરવાના મુડમાં હતા. યોગેન્દ્ર યાદવે કહ્યું હતું કે આજની બેઠકમાં લોકશાહીની હત્યા કરવામાં આવી છે. પ્રશાંત ભુષણે કહ્યું હતું કે નેશનલ કાઉન્સિલ ની બેઠકમાં બોગસ મતદાન થયું હતુ. યોગેન્દ્ર યાદવે આક્ષેપ કર્યો હતો કે તેમની વાત પણ સાંભળવામાં આવી ન હતી. બોગસ બેઠક બોલાવીને કાવતરાને અંજામ આપવામાં આવ્યું હતુ. પ્રશાંત ભુષણે કહ્યું હતું કે બેઠકમાં લોકો સાથે મારામારી કરવામાં આવી હતી. બેઠકમાં પાર્ટીના સભ્યોને બાઉન્સર બોલાવીને માર મારવામાં આવ્યા હતા. આજે કારોબારીની બેઠકમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. દેશભરના લોકોએ આ હિલચાલ નિહાળીને એએપીની વ્યાપક ટીકા કરી છે. પ્રશાંત ભુષણનું કહેવું છે કે, નેશનલ કાઉન્સિલની બેઠકમાં બોગસ મતદાન થયું હતું. ધારાસભ્યો મારામારી પર ઉતરી આવ્યા હતા. બોગસ બેઠક બોલાવીને કાવતરાને અંજામ અપાયું હતું તેમ યોગેન્દ્ર યાદવે કહ્યું હતું હતું.

# ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડની વચ્ચે આજે વર્લ્ડ કપ ફાઈનલ

મેલબોર્ન,તા.૨૮

કરોડો ક્રિકેટ ચાહકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે આઈસીસી વર્લ્ડ કપની ફાઈનલ મેચ આવતીકાલે રવિવારે મેલબોર્નના ઐતિહાસિક મેદાન પર હાઉસફુલના શો વચ્ચે યજમાન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનાર છે. બન્ને ટીમો જોરદાર ફોર્મમાં હોવાથી આ મેચ કોણ જીતશે અને વર્લ્ડ કપ વિજેતા કોણ બનશે તેને લઈને કોઈ પણ નિષ્ણાંત કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. બન્ને ટીમોના સ્ટાર ખેલાડીઓ તમામ તાકાત લગાવી દેવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. આ હાઈ પ્રોફાઈલ, હાઈહોલ્ટેજ અને ફાઈટ ટુ ફિનિશ જંગને લઈને કરોડો ચાહકો ભારે રોમાંચિત થયેલા છે. આ મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. યજમાન ટીમ મેદાનમાં હોવાથી મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. બન્ને ટીમો જીત મેળવી વિશ્વ વિજેતા બનવા માટે તૈયાર છે. એકબાજુ ઓસ્ટ્રેલિયા પાંચમી વખત વિશ્વ વિજેતા બનીને તેની સર્વોપરિતા ફરી સાબિત કરવા માટે તૈયાર છે. જ્યારે ન્યુઝીલેન્ડ પણ પ્રથમ વખત વિશ્વ કપ જીતવા માટે સજ્જ છે. લીગ દોરમાં તેમની વચ્ચે રમાયેલી મેચમાં ન્યુઝીલેન્ડે ઓસ્ટ્રેલિયા પર જીત મેળવી હતી. સૌથી રોમાંચક બાબત એ છે કે ન્યુઝીલેન્ડે સતત આઠ મેચો જીતી છે. વર્તમાન વર્લ્ડ કપમાં તેની એક પણ મેચમાં હાર થઈ નથી. બન્ને ટીમો માટે આ મેચ ફાઈટ ટુ ફિનિશ સમાન બની રહેશે. ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે વધારે દબાણ રહે તેવી શકયતા છે. ઓસ્ટ્રેલિયા આઈસીસી વનડે રેન્કિંગમાં પ્રથમ ક્રમાંકે છે. ટીમમાં અનેક ધરખમ ખેલાડી છે. ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર, ગ્લેન મેક્સવેલ, સ્ટીવ સ્મીથ અને માઈકલ ક્લાર્કનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શેટ વોટ્સન જેવો ધરખમ ઓલ રાઉન્ડર પણ છે.જ્યારે બોલિંગની વાત કરવામાં આવે તો માઈકલ સ્ટાર્ક જોરદાર અસરકારક રહ્યો છે. આંકડા ઓસ્ટ્રેલિયાની તરફેણ કરે છે.ન્યુઝીલેન્ડ તરફથી પણ કેપ્ટન મેક્કુલમ, ઈલિયોટ, ગુપ્ટિલ અને રોસ ટેલર જેવા ખેલાડી પોતાની ટીમને જીત અપાવી દેવા માટે તૈયાર છે. આઈસીસી વર્લ્ડકપ ૨૦૧૫ની પ્રથમ સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકા ઉપર અતિ રોમાચંક અને દિલધડક જીતમેળવીને ન્યુઝીલેન્ડે ફાઈનલમાં પ્રવેશ કરવામાં સફળતા મેળવી હતી. ન્યુઝીલેન્ડની ટીમ પ્રથમ વખત ફાઈનલમાં પહોંચી છે. દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડની સામે ૨૯૮ રનનો મહાકાય લક્ષ્યાંક મુક્યો હતો પરંતુ આ લક્ષ્યાંકને પણ ન્યુઝીલેન્ડે પાર પાડીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. પ્રથમ વખત ન્યુઝીલેન્ડની ટીમ વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચી છે. અગાઉ સાત વખત તેની સેમિફાઈનલમાં હાર થઈ હતી. પ્રથમ સેમીફાઈનલ મેચમાં ન્યુઝીલેન્ડ વતી ઈલિયોટ હીરો તરીકે સાબિત થયો હતો. ન્યુઝીલેન્ડ વતી એક બોલ ફેંકવાનો બાકી હતો ત્યારે જ ઈલિયોટે સ્ટેઈનની બોલિંગમાં છગ્ગો ફટકારીને આફ્રિકન છાવણીમાં સોપો પાડી દીધો હતો અને આ મેચ આફ્રિકાએ ગુમાવી દીધી હતી. જ્યારે સિડનીના મેદાન ઉપર રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત પર જીત મેળવીને ફાઈનલમાં કુચ કરી હતી. ઓસ્ટ્રેલિયાએ ભારત ઉપર ૯૫ રને જીત મેળવીને ચાર વખતના વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં કુચ કરી હતી .જીતવા માટેના ૩૨૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ અપેક્ષા કરતા ખુબ નબળો દેખાવ કરીને ૨૩૩ રન જ બનાવી શકી હતી. સિડનીમાં હાઉસફુલના શો વચ્ચે માઈકલ ક્લાર્કના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયન ટીમે શક્તિશાળી ધોનીની ટીમને દરેક વિભાગમાં હાર આપી હતી.ઓસ્ટ્રેલિયાએ સેમીફાઈનલ મેચમાં ભારત સામે સાત વિકેટે ૩૨૮ રન કર્યા હતા. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. જેનુ દુરદર્શન અને સ્ટાર સ્પોર્ટસ પરથી પ્રસારણ કરાશે. વર્તમાન ચેમ્પિયન ભારતીય ટીમ સેમીફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારીને બહાર થઈ ગઈ હોવા છતાં મેચને લઈને ભારતીય ચાહકોમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી રહી છે. હાઈ સ્કોરિંગ મેચ રહેશે. બન્ને ટીમો નીચે મુજબ છે.

ઓસ્ટ્રેલિયા : ફિંચ, વોર્નર, સ્મિથ, ક્લાર્ક, વોટ્સન, મેક્સવેલ, હેડિન, ફોલ્કનર, જોન્સન, સ્ટાર્ક, કમિન્સ, હેઝલવુડ

ન્યુઝિલેન્ડ :- ગુપ્ટીલ, મેક્કુલમ, વિલિયમસન, ટેલર, ઈલીયોટ, એન્ડરસન, રોન્ચી, વેટોરી, સાઉથી, હેન્રી, મિલ્સ, બોલ્ટ




# બેડમિન્ટન વર્લ્ડ રેંકિંગમાં સાયના પ્રથમ ક્રમે

નવીદિલ્હી,તા.૨૮

ભારતની સ્ટાર બેડમિંટન ખેલાડી સાયના નેહવાલે આજે પોતની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેરી દીધું હતું. કારણ કે તે ઈતિહાસ સર્જીને પ્રથમ નંબરની બેડમિંટન ખેલાડી બની ગઈ છે. સાયના નેહવાલ ઈન્ડિયા ઓપન સુપર સીરીઝ બેડમિંટન ટુર્નામેન્ટની પ્રથમ સેમિફાઈનલમાં રચાનોકે ઓલ ઈન્ડિયન બેડમિંટન ચેમ્પિયન કેરોલીના મારીનને હાર આપી દેતા સાયના આ સિદ્ધિ ઉપર પહોંચી ગઈ હતી. ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક જીતી ચુકેલી સાયના નેહવાલ હવે પ્રથમ ઈન્ડિયા ઓપનનો તાજ જીતવા સજ્જ દેખાઈ રહી છે. તે શુક્રવારના દિવસે આ ઈવેન્ટમાં સેમિફાઈનલમાં પહોંચી હતો. સાયનાએ સિરીફોર્ટ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ઈન્ડોનેશિયાની હાના ઉપર ૨૧-૧૫, ૨૧-૧૨થી જીત મેળવી હતી. સાયનાએ શરૂઆતમાં ૧૦-૬ની લીડ મેળવી હતી. જો કે, હાનાએ વાપસી કરીને સતત પોઈન્ટ મેળવ્યા હતા. ભારતીય ખેલાડી હવે શનિવારના દિવસે એટલે કે આજે મોડી રાત્રે બીજી સેમિફાઈનલમાં રમનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ રેંકિંગની સમિટમાં પહોંચનાર પ્રકાશ પાદુકોણ પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો ત્યારબાદથી સાયનાએ હવે ઈતિહાસ સર્જ્યો છે. ભારતીય બેડમિંટન ખેલાડી કેરિયરમાં બેસ્ટ રેંકિંગ મેળવી ગઈ છે. ૭મી માર્ચ ૨૦૧૫ના દિવસે સાયના નેહવાલ ઓલ ઈન્ડિયન બેડમિંટન ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચી હતી ત્યા તે ત્રણ સેટમાં હારી ગઈ હતી પરંતુ હવે તે રેંકિંગમાં આગેકૂચ કરી ગઈ છે.



### નીતિશકુમાર દ્વારા દાવો કરાયો

# જનતા પરિવાર મર્જરમાં વધારે સમય લાગશે નહીં

પટણા, તા. ૨૮

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે કહ્યું હતું કે, જનતા પરિવારના મર્જરમાં વધારે સમય લાગશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, અલગ પડેલા તમામ જૂથોને ભેગા કરવામાં આવશે અને એક ટ્રેક ઉપર લાવવામાં આવશે.

નીતિશકુમારે કહ્યું હતું કે, જનતા પરિવાર સાથે મળીને ચુંટણી લડવા માટે ઈચ્છુક છે. સ્કીલ ડેવલપમેન્ટ સાથે સંબંધિત એક કાર્યક્રમમાં વાત કરતા તેમણે કહ્યું હતું કે, તમામ પાસાઓ ઉપર ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે, સંબંધિત સાથી પક્ષો સાથે વાતચીત થઈ ચુકી છે. હાલમાં જ નીતિશકુમાર દિલ્હીમાં પહોંચ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી. ૨૭મી માર્ચના દિવસે લાલૂ પ્રસાદ યાદવ, શરદ યાદવ અને મુલાયમસિંહે આ મુદ્દા ઉપર વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. જનતા પરિવારને એક મંચ ઉપર લાવવામાં નીતિશકુમાર પણ મહત્વની ભૂમિકા અદા કરી રહ્યા છે.

# રેલવે યાત્રી ભાડાને તર્કસંગત બનાવવાની ભલામણ કરાઈ

નવીદિલ્હી,તા. ૨૮

આવનાર સમયમાં તમામ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં પણ પ્રિમિયમ ટ્રેનોની જેમ જ ડાયનેમિક ભાડા સિસ્ટમને અમલી બનાવવામાં આવે તેની શક્યતા દેખાઈ રહી છે. મોહમ્મદ જમશેદના નેતૃત્વમાં કમિટિએ આ પ્રકારની ભલામણ કરી છે. જો આ ભલામણો અમલી બનશે તો વિમાનની જેમ જ તમામ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનના ભાડા બુકિંગની સાથે જ વધી જશે. એટલે કે જેટલી સીટો ઓછી થતી રહેશે ભાડામાં વધારો થતો રહેશે. કમિટિએ ટ્રેનોના યાત્રીઓને લઈ જવાની ક્ષમતાને વધારવાની પણ ભલામણ કરી છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ નક્કી કરવામાં આવેલા સમયે અહેવાલ આપવા બદલ કમિટિની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે, કમિટિની જે કંઈ પણ ભલામણો અમલી કરી શકાય છે તેને અમલી બનાવવામાં આવશે. ભાડાને જ્યાં તર્ક સંગત બનાવવાની જરૂર છે ત્યાં તર્ક સંગત કરવામાં આવશે. કમિટિનું કહેવું છે કે, છેલ્લા પાંચ વર્ષમાં રિઝર્વેશનને બાદ કરતા તમામ ક્ષેત્રમાં રેલવે યાત્રીઓની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. કમિટિએ યાત્રી ભાડામાં વધારો કરવાની સીધી ભલામણ કરી નથી પરંતુ કહ્યું છે કે, ભાડાને તર્ક સંગત બનાવવામાં આવી શકે છે. કમિટિએ તમામ મેઈલ એક્સપ્રેસ ટ્રેનોમાં ડાયનેમિક ભાડા સિસ્ટમ ઉપરાંત ટ્રેનોની જાળવણી તરફ ધ્યાન આપવા કહ્યું છે. કમિટિએ ભલામણ કરી છે કે, મૂળભુત માળખા તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. વ્યસ્ત રુટ ઉપર યાત્રીઓને લઈ જવાની ક્ષમતાને વધારવામાં આવે તે જરૂરી છે.

# મોદી જર્મની, કેનેડા, ફ્રાંસની એપ્રિલમાં ટુંકી મુલાકાતે જશે

નવીદિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આગામી ત્રણ દેશોની યાત્રાના સંદર્ભમાં આજે ટ્વિટર ઉપર માહિતી આપી હતી. મોદીએ કહ્યું હતું કે, તેઓ જર્મની, ફ્રાંસ અને કેનેડાની યાત્રા ઉપર જનાર છે. તેમની યાત્રા ફ્રાંસથી શરૂ થશે. ભારતના આર્થિક એજન્ડાને તેઓ આગળ વધારશે. સાથે સાથે ભારતમાં રોજગારીની તકોને કઈ રીતે વધારી શકાય છે તે મુદ્દા ઉપર ચર્ચા કરશે. ફ્રાંસમાં વડાપ્રધાન પેરિસની બહાર કેટલાક હાઈટેક ઈન્ડસ્ટ્રીયલ યુનિટમાં જશે જ્યાં માહિતી મેળવશે. વડાપ્રધાન અને જર્મન ચાન્સલર એન્જેલા માર્કેલ સંયુક્તરીતે જર્મનીમાં હેનોવર મેસનું ઉદ્ઘાટન કરશે. હેનોવર ફેરને વિશ્વના સૌથી મોટા ઈન્ડસ્ટ્રીયલ ટ્રેડ તરીકે ગણવામાં આવે છે. મોડેથી તેઓ કેનેડામાં નેતાઓ સાથે વાતચીત કરશે. ભારતના આર્થિક એજન્ડાને આગળ વધારવાનો મુખ્ય હેતુ રહેલો છે. ફ્રાંસ, જર્મની અને કેનેડામાં તેઓ ટોપ નેતાઓ સાથે દ્વિપક્ષીય સંબંધો ઉપર વાતચીત કરશે. સંબંધોને વધારવા ઉપર મુખ્યરીતે ભાર મુકશે. કેનેડા સાથે સંબંધોને લઈને પણ મોદી આશાવાદી છે. કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પરે પણ ટ્વિટર ઉપર કહ્યું છે કે, તેમને આ જાહેરાત કરતા ખુશી થઈ રહી છે કે, મોદી તેમના દેશની મુલાકાત લેનાર છે. મોદી સૌથી પહેલા ૯મી એપ્રિલે ફ્રાંસ જશે જ્યાંથી તેઓ ૧૨મી એપ્રિલે જર્મની માટે રવાના થશે. પ્રવાસના ત્રીજા અને અંતિમ તબક્કામાં તોએ ૧૪મી એપ્રિલથી ૧૬મી એપ્રિલ વચ્ચેના ગાળામાં કેનેડામાં રહેશે. તેમની ત્રણ દેશોની આ યાત્રા ઉપર પણ વિશ્વના દેશોની નજર રહેશે.

# રાયબરેલીમાં ખેડૂતો સાથે સોનિયા ગાંધીની વાતચીત

રાયબરેલી,તા. ૨૮

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આજે ખેડૂતોને મળ્યા હતા. તેમના મતવિસ્તાર રાયબરેલીમાં પહોંચ્યા બાદ તેઓએ ખેડૂતો સાથે વાત કરી હતી. હાલમાં જ કમોસમી વરસાદના પરિણામ સ્વરુપે ખેડૂતોને વ્યાપક નુકસાન થયુંહતું. તમામ સંભવિત મદદ કરવાની સોનિયા ગાંધીએ ખાતરી પણ આપી હતી. રાયબરેલી મતવિસ્તારમાં હાલમાં ભારે વરસાદ થયો હતો. પરિસ્થિતિની સમીક્ષા કરવા તેઓ સવારે પહોંચી ગયા હતા. ખેડૂતોને ભારે નુકસાન થઈ ચુક્યું છે. આજે સવારે ફુરસદગંજ વિમાની મથકે તેઓ ઉતર્યા હતા. ત્યારબાદ સીધા ખેડૂતોને મળવા માટે પહોંચ્યા હતા. ખેડૂતોએ તેમની દુર્દશા અંગે સોનિયા ગાંધીને વાત કરી હતી અને દાવો કર્યો હતો કે, કોઈપણ વહીવટી અધિકારીએ સર્વેની કામગીરી માટે ગામની મુલાકાત લીધી નથી જેથી વળતર મળવાની વાત ખુબ દૂર છે. ગાંધીએ કહ્યું હતું કે, તમામ સંભવિત મદદ કરવામાં આવશે. સોનિયા ગાંધીએ તમામની રજૂઆતને ગંભીરતાપૂર્વક સાંભળી હતી. ગાંધી બાંદીપુર અને શિવપુરી ગામમાં પણ ગયા હતા જ્યાં ખેડૂતોએ ઘઉં અને અન્ય પાકને થયેલા નુકસાન અંગે સોનિયા ગાંધીને માહિતી આપી હતી. ખેડૂતોએ આ વિસ્તારમાં ટ્યુબવેલની ખરાબ દુર્દશા અંગે પણ ગાંધીને માહિતી આપી હતી. ટ્યુબવેલની ખરાબ હાલતના કારણે ખેડૂતો ખુબજ હાડમારીનો સામનો કરી રહ્યા છે. વહીવટીતંત્રના અધિકારીઓ સહકાર કરી રહ્યા નથી તેવો આક્ષેપ પણ ખેડૂતોએ કર્યો હતો. ગાંધીએ ખાતરી આપી હતી કે, તેઓ સંબંધિત અધિકારીઓ સાથે આ મુદ્દે વાતચીત કરશે. સાથે સાથે સરકાર ઉપર પણ તીવ્ર દબાણ લાવશે જેથી યોગ્ય વળતર તેમને મળી શકે. મોડેથી સોનિયા ગાંધી સર્વોદયનગર વિસ્તારમાં ગયા હતા અને રેલવે અકસ્માતમાં માર્યા ગયેલા શિવેન્દ્રસિંહને મળ્યા હતા. તેઓ ઉત્તરપરા ગામમાં પણ ગયા હતા.



# વર્લ્ડકપ બાદ જ માઈકલ ક્લાર્ક વનડેમાંથી નિવૃત

મેલબોર્ન,તા.૨૮

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન માઈકલ ક્લાર્કે ન્યુઝીલેન્ડ સામે આવતીકાલે વર્લ્ડકપની ફાઈનલ મેચમાં રમ્યા બાદ વનડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. ૩૩ વર્ષીય ક્લાર્કે કહ્યું છે કે, તેના માટે આ બાબત બિલકુલ યોગ્ય છે. આ બિલકુલ યોગ્ય સમય પણ છે. ક્લાર્કે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, તેના માટે આ બિલકુલ યોગ્ય સમય છે. ૪૮ કલાક પહેલા જ તે આ નિર્ણય ઉપર પહોંચ્યો હતો. માઈકલ ક્લાર્કે ૨૪૪ વનડે મેચોમાં પોતાની ટીમ તરફથી ભૂમિકા ભજવી છે. ૭૯૦૭ રન બનાવ્યા છે જેમાં હાઈએસ્ટ સ્કોર ૧૩૦ રનનો રહ્યો છે. બીજી બાજુ ટેસ્ટ ક્રિકેટમાં ક્લાર્કે ૧૦૮ ટેસ્ટ મેચો રમી છે અને તેના રન ૮૪૩૨ રહ્યા છે. હાઈએસ્ટ સ્કોર ૩૨૯ નોટઆઉટનો રહ્યો છે. ક્લાર્કે કહ્યું છે કે, આગામી વર્લ્ડકપ માટે સર્વશ્રેષ્ઠ ટીમ તૈયાર કરવામાં આવશે તેમ તે માને છે. પસંદગીકારો પણ આના માટે તૈયારી કરી રહ્યા છે. સારા ખેલાડીઓ વનડેમાં પ્રવેશ કરે તે હેતુસર તે નિવૃત્તિ લેવા ઈચ્છુક છે. કેપ્ટનશીપની જવાબદારી મળ્યા બાદથી તે શ્રેષ્ઠ કામગીરી અદા કરી રહ્યો હતો. સ્ટીવન સ્મિથે પણ હાલમાં ભારત સામે તેની ગેરહાજરીમાં ટેસ્ટ ક્રિકેટમાં ખુબ સારી કામગીરી અદા કરી હતી. ક્લાર્કનું કહેવું છે કે, સ્મિથ ચોક્કસપણે એક ખેલાડી અને વ્યક્તિ તરીકે મેચ્યોર્ડ છે. તેના સખત પરિશ્રમના કારણે તે લોકપ્રિય પણ થઈ રહ્યો છે. સ્મિથ ઉપર ટીમ ઘણી બધી આધાર રાખે છે. આવતીકાલની મેચ અમે સંપૂર્ણ ગંભીરતા સાથે રમીશું અને જીત મેળવવાના ઈરાદાથી રમીશું.